# ધોરણ-11
## વિષય : સંસ્કૃત

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. वेदामृतम् | SN1103, SN1107, SN1109 | |
| 2. विना वृक्षं गृहं शून्यम् | SN1112, SN1113, SN1116 | ● સ્વાધ્યાય - શ્લોકાંશોને જોડો પ્રવૃત્તિ (1) એક છાત્ર એક વૃક્ષ (2) वृक्षवचनम् (3) પર્ણપોથી |
| 3. वर्षावर्णनम् | SN1111, SN1113, | ● સ્વાધ્યાય - કાવ્યના આધારે 'वर्षावर्णनम्' વિશે સંસ્કૃતમાં પાંચ વાક્યો લખો. |
| 4. दशकं धर्मलक्षणम् | SN1107, SN1109, SN1113 | ● સ્વાધ્યાય - યોગ્ય પદ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો. |
| 5. भस्मावशेषं मदनं चकार | SN1115 | ● સ્વાધ્યાય - શ્લોકાંશોને જોડો. |
| 6. उपनिषद्-रससुधा | SN1102, SN1109, SN1112 | ● સ્વાધ્યાય - શ્લોકાંશોને જોડો. |
| 7. नाट्यमेतन्मया कृतम् | SN1105, SN1112 | ● अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितं उत्तरं चित्वा लिखत । |
| 8. मोहमुद्गरः | SN1112, SN1114 | – |
| 9. काव्यमधुबिन्दवः (सुभाषित, मधु बिन्दवः) | SN1107, SN1114 | – |
| 10. अनेकार्थ सप्तकम् | SN1106, SN1111 | – |
| 11. पृथुचरितम् | SN1103, SN1116 | – |
| 12. किन्तोः कुटिलता | SN1103, SN1104 | – |
| 13. हनुमद्भीमसेनयोः संवादः | SN1115 | – |
| 14. चतस्रो विद्या | SN1109, SN1113 | – |
| 15. ननु वर्णितोऽसि | SN1105, SN1115 | ● નીચેના વાક્યો કોણ બોલે છે તે કૌંસમાં આપેલ વાક્યોમાંથી શોધીને લખો. |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sanskrit

## ધોરણ-11
## વિષય : સંસ્કૃત

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 16. रज्जुः भस्म भवत्विति | SN1101, SN1105, SN1111 | |
| 17. शकुन्तला प्रत्याख्यानम् | SN1109 | |
| 18. किं नाम व्यक्तित्वम् | SN1113, SN1114, SN1110 | |
| 19. होलिकोत्सवः | SN1107, SN1114, SN1113 | |
| 20. अग्र्याणाम् शतमुद्दिष्टम् | SN1106, SN1109 | |
| अभ्यास - 1 न्याय परिचय | SN1108, SN1116 | |
| अभ्यास - 2 अलङ्कार-परिचय | SN1106 | |
| अभ्यास - 3 छंदपरिचय | SN1106 | |
| अभ्यास-4 संस्कृत साहित्य परिचयः | SN1101, SN1111 | |

**નોંધ :** પ્રતિનિધિ અધ્યયન નિષ્પત્તિ - SN1103, SN1106, SN1107, SN1109, SN1112, SN1113

# ધોરણ-12
## વિષય : સંસ્કૃત

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. वेदामृतम् | SN1203, SN1207, SN1209 | – |
| 2. स्मृतिरससुधा | SN1212, SN1213, SN1216 | – |
| 3. सन्ति मे गुरवो | SN1211, SN1213, | – |
| 4. सज्जुहुधीह पावकम् | SN1207, SN1209, SN1213 | – |
| 5. यक्ष-यधिष्ठिर संवादः | SN1215 | – |
| 6. प्रणमामि मुदा | SN1202, SN1209, SN1212 | – |
| 7. सुभाषितमधुबिन्दवः | SN1212, SN1214 | – |
| 8. ज्ञेयं रूपं तदेव मे | SN1212 | ● સ્વાધ્યાય - यथास्वं विकल्पं चित्वा लिखत । |
| 9. किं वैद्येन प्रयोजनम् | SN1205, SN1212 | – |
| 10. अन्योक्तयः | SN1206, SN1214 | – |
| 11. द द द इति | SN1203, SN1216 | ● સ્વાધ્યાય - યોગ્ય પદ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો. |
| 12. कङ्कणस्य तु लोभेन | SN1203, SN1204 | – |
| 13. अनपराद्धा अत्रभवती | SN1215, SN1210 | – |
| 14. विवाह संस्कारः | SN1215, SN1216 | – |
| 15. नमो महर्षेय नित्यम् | SN1209, SN1213 | |
| 16. पुत्तलिकापरीक्षा | SN1201, SN1205, SN1211 | |
| 17. आश्रमवर्णनम् | SN1209, SN1206 | |
| 18. परितुष्टा यास्यति | SN1209 | |
| 19. पुस्तकस्य आत्मवृत्तान्तः | SN1213, SN1214 | |
| 20. मुद्रा नाम धनं प्रोक्तम् | SN1207, SN1214, SN1213 | |
| अभ्यास - 1 न्याय परिचय | SN1208, SN1216 | |

# ધોરણ-12
## વિષય : સંસ્કૃત

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| अभ्यास - 2<br>अलङ्कार-परिचय | SN1206 | |
| अभ्यास - 3<br>छंदपरिचय | SN1206 | |
| अभ्यास-4<br>संस्कृत साहित्य परिचयः | SN1201, SN1211 | |

**નોંધ :** પ્રતિનિધિ અધ્યયન નિષ્પત્તિ - SN1203, SN1206, SN1207, SN1209, SN1212, SN1213



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sanskrit

# ધોરણ - 11/12 : સંસ્કૃત

**પ્રસ્તાવના :**

સંસ્કૃત ભારતની પ્રાચીનતમ ભાષા હોવાની સાથે સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રભાષા પણ છે. ભારતીય પ્રાચીન સભ્યતા તથા સંસ્કૃતિની વાહક છે. સમગ્ર રાષ્ટ્રને એકસૂત્રમાં બાંધનારી મહત્ત્વની કડી છે. આ ભાષા ભારતની જ નહીં. પરંતુ વિશ્વની અનેક ભાષાઓની જનની છે. આ સ્થિતિમાં ભારતીય શિક્ષણની સમગ્ર પ્રક્રિયાને સંસ્કૃતભાષા શિક્ષણથી અલગ પાડીને જોવું એ અસંભવ છે. આ કારણે જ આપણા અભ્યાસક્રમમાં અનાદિકાળથી સંસ્કૃતભાષાનું અચલ સ્થાન રહ્યું છે.

**સંસ્કૃત શિક્ષણ શા માટે ?**

1. સંસ્કૃત ભાષાશિક્ષણ પ્રાચીનકાળથી માનવના શારીરિક, માનસિક, આત્મિક તથા સામાજિક વિકાસનું ઉત્તમ માધ્યમ રહ્યું છે. આજે પણ તે માનવના શારીરિક, માનસિક, આત્મિક અને સામાજિક એમ ચતુર્વિધ વિકાસને સાધવાનું ઉત્તમ સાધન છે.
2. સંસ્કૃત ભાષાની સંરચના સમ્પૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે. તેનું પોતાનું ભાષાકીય બંધારણ દરેક ભાષાના આન્તરિક બંધારણને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. આ કારણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરનારા બાળકને પોતાની માતૃભાષા અથવા બીજી કોઈપણ ભાષાને તથા તે ભાષાના વ્યાકરણને સમજવા-ભણવા માટેની ઘણી અનુકૂળતા કરી આપે છે.
3. સંસ્કૃત ભાષામાં રચાયેલું સમગ્ર સાહિત્ય માનવીય મૂલ્યોને સતત ઉજાગર કરતું હોવાથી તે ભણનારને માનવીય મૂલ્યોની સમજ આપે છે અને વ્યક્તિની પોતાની વૈચારિક પ્રક્રિયા પર દૂરગામી અનુકૂળ અસર વર્તાવે છે.
4. સંસ્કૃત ભાષા પોતાના વિશાળ શબ્દભંડોળથી અતિશય સમૃદ્ધ ભાષા છે. તે નવા નવા શબ્દોનું નિર્માણ કરી શકવાની વિશેષતાને કારણે આપણી માતૃભાષા (ગુજરાતી) તથા દેશની અન્ય ભાષાઓના શબ્દ ભંડોળને સમૃદ્ધ કરવાનું કામ પણ કરી શકે છે. આમ જો સંસ્કૃતભાષા શીખી હોય, તો તે કારણે આપણી માતૃભાષા, આપણી રાષ્ટ્રભાષા તથા અન્ય પ્રાન્તીય ભાષાને શીખવાનું તથા તે તે ભાષાના શબ્દરાશિને સમૃદ્ધ કરવાનું સાધન બની રહે છે.
5. માનવ જીવનની દૈનંદિન અને ક્રિયાકલાપોમાં એક યા બીજી રીતે સંસ્કૃતમાં મંત્રો, શ્લોક કે વચનોને ગવાતાં હોય છે. ભાવપૂર્વક ગવાતાં આ સંસ્કૃત વચનોનો વક્તા-શ્રોતાને જો અર્થબોધ થતો રહે, તો સ્વાભાવિક જ છે કે વક્તા તેમજ શ્રોતાને માટે એ ગાન સાર્થક બને છે. અને તેમના આનંદમાં વધારો કરે છે. આ માટે પણ સંસ્કૃત ભાષાનું શિક્ષણ અનિવાર્ય બની જાય છે.
6. સંસ્કૃત ભાષા પાસે અદ્વિતીય સાહિત્યની સમૃદ્ધિ છે. એ સાથે સાહિત્યમાં અનેક પ્રકારના જ્ઞાન વિજ્ઞાનનો સંગ્રહ છે. તેનું સંરક્ષણ, સંવર્ધન તેમજ પ્રસારણ કરવું એ આપણું વારસાગત ઉત્તરદાયિત્વ છે. તે માટે પણ સંસ્કૃત ભાષાનું શિક્ષણ જરૂરી છે. વળી, આ સંસ્કૃતના સમૃદ્ધ સાહિત્યનો પ્રત્યક્ષ પ્રભાવ આપણી બધી જ ભારતીય ભાષાઓના સાહિત્ય ઉપર છે. વર્તમાન સમયમાં રચાતા નવીન સાહિત્યનું મૂળ પણ આ સંસ્કૃત સાહિત્યમાં છે. આથી પ્રવર્તમાન ભારતીય ભાષાઓના સાહિત્યનો રસાસ્વાદ કરવા માટે તથા તેમનો સઘન અભ્યાસ કરવા માટે સંસ્કૃત ભાષાની પૃષ્ઠભૂમિ જરૂરી બની રહે છે. તેથી સંસ્કૃત ભાષાનું શિક્ષણ મહત્ત્વનું બની જાય છે.
7. સરકારી વિભાગો, જાહેર સેવાની સંસ્થાઓ, શૈક્ષણિક સંકુલો તેમજ વિવિધ વ્યાવસાયિક પ્રતિષ્ઠાનો વગેરે પોતાના ધ્યેય વાક્ય તરીકે સંસ્કૃતનું વાક્ય રાખવાની પ્રથા ધરાવે છે. આ ધ્યેય વાક્યમાં રહેલા દર્શન અને લક્ષ્યની સમજ સાથે જે તે સંસ્થા સાથે જોડાયેલો સમુદાય પ્રવૃત્ત બને તો સરળતાથી બહુજનહિત સાધી શકાય છે. આ માટે સંસ્કૃત વાક્યને સમજવાની પ્રાથમિક યોગ્યતા સંસ્કૃતના શિક્ષણ સિવાય સંભવ નથી. આ પણ સંસ્કૃત શિક્ષણની આવશ્યકતા સૂચવે છે.
8. ભારતીય જીવન પદ્ધતિ કે જેને સમગ્ર વિશ્વ આદરથી જુએ છે, તે પણ સંસ્કૃત ભાષાના અને તેના સાહિત્યમાં સંગૃહીત છે. આ જીવન પદ્ધતિને સમજી તે મુજબનું ઉત્તમ જીવન જીવવાનું સૌભાગ્ય મેળવવા માટે સંસ્કૃત શિક્ષણ જરૂરી છે.

9. ભાષા અને તે દ્વારા પોતાના મનમાં રહેલા વિચારોની સ્પષ્ટ અભિવ્યક્તિ કરવાની માનવને જે કુદરતી બક્ષિસ મળી છે, તેને વિસ્તારવાનો ઉપક્રમ એટલે જ શિક્ષણ છે. આ શિક્ષણમાં ભાષિક અભિવ્યક્તિની સચોટ, તાર્કિક તેમજ રસ-અલંકાર પૂર્ણ અભિવ્યક્તિ શીખવા માટે પણ સંસ્કૃતનો અને તે ભાષામાં રહેલા શાસ્ત્રોનો અભ્યાસ આવશ્યક છે.

10. માધ્યમિક અભ્યાસનો તબક્કો પૂરો કર્યા પછી દરેક વિદ્યાર્થીને જ્યારે આગળ અભ્યાસ કરવાનો થાય છે, ત્યારે વાણિજ્ય, રાજનીતિ, કાયદાશાસ્ત્ર, અભિયાન્ત્રિકી તેમજ વિજ્ઞાન વિદ્યાશાખાના ક્ષેત્રમાં આગળ વધવાનું અપેક્ષિત રહે છે. અભ્યાસના આ ભાવી ક્ષેત્રમાં ઉપયોગી થાય તે પ્રકારના સંસ્કૃત ભાષાના શાસ્ત્રોમાં થયેલા વિશાળ અને સૂક્ષ્મ ગંભીર ચિંતનના બિન્દુઓનો સ્પર્શ પણ આ તબક્કે થાય, તે માટે પણ સંસ્કૃતશિક્ષણ આવશ્યક છે.

**સંસ્કૃત 5ાઠ્યપુસ્તકની માર્ગદર્શિકા (ગાઈડલાઈન) :**

- સંસ્કૃત ભાષા બોલતા અને સમજતા શીખે તે પ્રકારનું પાઠ્યપુસ્તક બનાવવું જોઈએ.
- અનુવાદની આવશ્યકતા ન રહે, તેવી સ્પષ્ટતાવાળું પાઠ્યપુસ્તક બનાવવું જોઈએ.
- સંસ્કૃતભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવ નિર્માણ થાય, તેવું વિષયવસ્તુ પસંદ કરવું.
- વિષયવસ્તુને પોષક હોય, તેટલા વ્યાકરણનો અચૂક સમાવેશ કરવો.
- ધોરણ-9 અને 10 ના અનુસંધાનમાં ધોરણ-11 અને 12 નું પાઠ્યપુસ્તક રાખવું.
- પ્રારંભમાં અપાયેલા પાઠની પૃષ્ઠભૂમિમાં ભાષાકીય શિક્ષણનો સમાવેશ કરવો.
- સંસ્કૃતભાષાના શિક્ષણની સાથે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન થાય, તે પ્રકારે પાઠ્યપુસ્તકનું નિર્ધારણ કરવું.



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sanskrit

# ધોરણ-11 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વર્ગખંડમાં વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે, બે-બે ની જોડીમાં, જૂથમાં તેમજ સમૂહમાં સંસ્કૃત ભાષાના વાતાવરણમાં વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલગીરી કરાવવી.**<br>• સંસ્કૃત ભાષનો વર્ગખંડમાં શક્ય તેટલો વર્ગ વ્યવહાર સંસ્કૃત ભાષામાં કરવો. उत्तिष्ठतु, उपविशतु, पुस्तकं पठन्तु, पृष्ठ क्रमांक उद्घाटयन्तु આ મુજબનાં વાક્યોનો પ્રયોગ અચૂક કરવો.<br>• પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મંત્રો, શ્લોકો, સ્તુતિ, ગીતો વગેરેનું સસ્વર, ભાવવાહીગાન કરવું તેમજ કરાવવું. જરૂર અનુસાર વર્ગખંડમાં મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરી તેની નોંધ કરવી. એ મુજબ ગદ્ય પાઠો/એકમોનું આદર્શ વાંચન કરવું તેમજ કરાવવું. નાટ્યખંડોને અભિનય કરીને રજૂ કરવા. ભાષાની અભિવ્યક્તિમાં હાવભાવ, આરોહ અવરોહ તેમજ આંગિક ભાષાનો ઉપયોગ કરવો જેથી અનુવાદ વિના અર્થબોધ થાય.<br>• વિદ્યાર્થીઓને ગદ્ય-પદ્ય સીધો અનુવાદ કરવાને બદલે તેનો અર્થ તારવી શકે તે માટે સજ્જ કરવા.<br>• વ્યાકરણના નિયમોનું કંઠસ્થીકરણ કરાવ્યા વિના ભાષાના માધ્યમથી તેઓ નિયમ તારવે તેમજ તે નિયમાનુસારનાં વાક્યોનો ઉપયોગ કરે તે માટે પ્રેરિત કરાવવા.<br>• સંસ્કૃત ભાષા - સાહિત્યના ગૌરવપૂર્ણ ઇતિહાસની તેમજ નિર્દિષ્ટ સાહિત્યકૃતિઓની અને સર્જકોની ચર્ચા કરી તેમનો પરિચય કરાવવો. પાઠ્યપુસ્તકમાં કોઈ કૃતિનો નાનો ખંડ આવ્યો હોય ત્યારે તેનો રસાસ્વાદ કરાવતા આખી કૃતિની સંક્ષિપ્ત ચર્ચા વર્ગખંડમાં કરવી / કરાવવી.<br>• શાળાના વિવિધ કાર્યક્રમોમાં અભ્યાસક્રમને અનુરૂપ ભાષાપ્રયોગ થતો હોય તેવા વિવિધ કાર્યક્રમો તૈયાર કરી તે રજૂ કરાવવા.<br>• વર્ગખંડમાં સંસ્કૃતનું ભાવાવરણ નિર્માણ કરીને વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં જોડીને વિવિધ તકો પ્રદાન કરવી. | | **વિદ્યાર્થી....** |
| | SN1101 | વર્ગખંડમાં શિક્ષકો દ્વારા સંસ્કૃતમાં અપાયેલા નિર્દેશો, વક્તવ્યો, રેડિયો તથા દૂરદર્શન દ્વારા પ્રસારિત થતાં તથા ઓડિયો અને વિડીયો દ્વારા રજૂ થતાં સંસ્કૃત કાર્યક્રમોનું ધ્યાનથી શ્રવણ કરે છે. અર્થગ્રહણ કરે છે અને અપેક્ષિત લેખિત અને મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| | SN1102 | વિદ્યાર્થી સંસ્કૃતભાષા દ્વારા વર્ગખંડમાં તથા રોજબરોજમાં જીવનોપયોગી વાક્યો સમજી શકે છે અને કોઈપણને ધ્યાનમાં રાખીને સંક્ષેપમાં સંવાદ કરે છે. |
| | SN1103 | પઠિત તથા અપઠિત ગદ્યાંશ, પદ્યાંશ તથા નાટ્યાંશને વાંચીને, સમજીને તેના આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો લેખિત તથા મૌખિક સ્વરૂપે અભિવ્યક્ત કરે છે. સરળ પદ્યો (સુભાષિતો, પ્રહેલિકાઓ, ગીતો) આરોહ-અવરોહયુક્ત ભાવવાહી શુદ્ધ ઉચ્ચાર સાથે ગાન કરે છે. સંસ્કૃત શ્લોકોનું છન્દોનુરૂપ લયબદ્ધ રીતે ગાન કરે છે. ગદ્યપાઠ તથા નાટ્યપાઠોનું (સંવાદોનું) શુદ્ધ, સ્પષ્ટ ઉચ્ચારણ કરે છે. |
| | SN1104 | પાઠોમાં રહેલ ભાવાર્થને સમજીને તેમાં રહેલ સારાંશ તથા વ્યંગ્યાર્થને વિશદ રીતે છણાવટ કરીને મૌલિક તથા લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે. |
| | SN1105 | વિદ્યાર્થી પઠિત-અપઠિત ગદ્યાંશ, પદ્યાંશ, નાટ્યાંશનો સરળ સંસ્કૃતમાં તથા માતૃભાષામાં અનુવાદ કરીને લેખિત તથા મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| | SN1106 | પાઠ્યપુસ્તકમાં પ્રયોજાયેલ વિવિધ સંધિયુક્ત પદોનો વિચ્છેદ, સમાસવિગ્રહ, શ્લોકોનો અન્વય, છંદ તથા અલંકારોની ચમત્કૃતિ તથા વિશેષતાને અભિવ્યક્ત કરે છે. |

# ધોરણ-11 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● વર્ગખંડમાં એવું વાતાવરણ તૈયાર કરાય જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો વધારેમાં વધારે સંસ્કૃત ભાષાનો પ્રયોગ કરે, અગિયારમાં ધોરણના વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત વાક્યોના વાચન અને લેખનમાં સમર્થ બને અને શિક્ષણ પ્રક્રિયામાં વધારેમાં વધારે સહભાગી બને.<br>● શિક્ષણ પ્રક્રિયામાં ભાષાનાં બધાં જ કૌશલ્યો (શ્રવણ, કથન, વાચન, લેખન) પર ભાર મૂકવો.<br>● સંવાદ કૌશલ્ય વધારવા વિદ્યાર્થીઓ સામૂહિક તથા વ્યક્તિગત સંસ્કૃત વાક્યોનો અભ્યાસ કરતા થાય.<br>● સંસ્કૃતની શૈક્ષણિક સામગ્રીનો વધુમાં વધુ પ્રયોગ કરે, જેમકે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો, ઑવરહેડ પ્રોજેક્ટર, સૂક્તિઓ, સુભાષિતો, સંસ્કૃત પ્રદર્શની, શ્લોકગાન સ્પર્ધા, ગીત સ્પર્ધા, શ્લોક પૂર્તિ, સંસ્કૃત લઘુ સંવાદ વગેરેનું આયોજન કરાય.<br>● વર્ગખંડમાં કોઈપણ વિષયને અનુરૂપ સંસ્કૃત સંભાષણ અભ્યાસ કરાવાય, સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન કરવું.<br>● શાળાની પ્રાર્થના સભામાં કે વિશિષ્ટ સમારંભોમાં સંસ્કૃત શ્લોકગાન, સ્તુતિગાન, મંત્રગાન કરાવી તથા સુભાષિતો અને સૂક્તિઓનો અર્થ વિસ્તાર કરતો થાય.<br>● ચિત્રફલક, સામૂહિક ચર્ચા પદ્ધતિ, ગોષ્ઠિ મંડળીનું આયોજન કરાય.<br>● વિવિધ નીતિકથાઓ, સુભાષિતો, સૂક્તિઓ તથા સંસ્કૃત વિશાળ સાહિત્ય વારસામાંથી પ્રગટ થતાં વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય મૂલ્યોની સમજ કેળવે તેવું વાતાવરણ નિર્માણ કરાય.<br>● આદર્શ વાચન દ્વારા વિદ્યાર્થી વાંચન-લેખન અને મૌલિક અભિવ્યક્તિ માટે તૈયાર થાય.<br>● વિવિધ પાઠોના અધ્યયન દ્વારા વિદ્યાર્થી સંસ્કૃત ભાષાની ચમત્કૃતિ અને વિશેષતાઓથી પરિચિત થાય અને સાહિત્યના વિવિધ રસોનું ભાવવાહી દર્શન કરાવવું. | SN1107 | વિદ્યાર્થી શાળામાં ઉજવાતા ઉત્સવો, વિશિષ્ટ સમારંભો તથા સંસ્કૃત દિનની ઉજવણી સ્વરૂપે શ્લોકપૂર્તિ, મંત્રગાન, સ્તુતિગાન વગેરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર સહભાગી બને છે. (જોડાય છે.) |
| | SN1108 | 'ન્યાય' વિશે પરિચય મેળવે છે. વિવિધ 'ન્યાય'ની લેખિત તથા મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| | SN1109 | વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકમાં નિયત કરેલા વૈદિક અને પ્રશિષ્ટ સાહિત્ય તથા શાસ્ત્રીય કૃતિઓનો પરિચય મેળવે છે તથા નિયત કરેલા પ્રાચીન તેમજ અર્વાચીન કર્તા (રચયિતા) અને તેમની કૃતિઓ વિશે સંક્ષેપમાં પરિચય મેળવીને લેખિત અને મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| | SN1110 | ચમ્પૂ (ગદ્ય પદ્ય મિશ્ર) કાવ્યનો પરિચય મેળવે છે. |
| | SN1111 | સંસ્કૃતમાં સામૂહિક ચર્ચા પદ્ધતિમાં સહભાગી થાય છે, તે દ્વારા સરળ સંસ્કૃત સંભાષણ કરે છે. સરળ સંસ્કૃત શીખે છે. સંસ્કૃતમાં વક્તવ્ય આપવા માટે પ્રોત્સાહિત થાય છે. |
| | SN1112 | વિદ્યાર્થી કંઠસ્થ કરેલા સુભાષિતો કે પદ્યપાઠનો, કોઈપણ ભાગનો અર્થવિસ્તાર તથા અનુવાદ લેખન કરી શકે છે. |
| | SN1113 | સંસ્કૃત ભાષાના વિશાળ સાહિત્ય વારસામાંથી પ્રતિપાદિત થતાં વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યોની સમજ કેળવે છે તથા ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યો અંગે જાગૃત બનવા અભિપ્રેરણા મેળવે છે. |
| | SN1114 | વિદ્યાર્થી સંસ્કૃત સુભાષિતોના શ્લોકોનો 'સુભાષિત અંક' બનાવવા પ્રેરાય છે તથા પ્રોજેક્ટ કાર્ય રૂપે અભિવ્યક્ત કરે છે. |

# ધોરણ-11 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • વિદ્યાર્થી સંધિ-વિગ્રહ, સમાસ-વિગ્રહ, છંદ અને અલંકારોની વિસ્તૃત સમજ આપવા ઉદાહરણો દ્વારા (વિવિધ ફકરા દ્વારા) સ્પષ્ટીકરણ કરાવવું.<br>• સંસ્કૃત સાહિત્યની કથાઓ, સાંપ્રત સાહિત્યના પ્રેરક પ્રસંગો, સુભાષિતો તેમજ અન્ય સાહિત્ય કૃતિમાંથી રાષ્ટ્ર માટે સમર્પણની ભાવના, માનવીય અભિગમ તેમજ સૌહાર્દપૂર્ણ વાતાવરણ અંગે રજૂઆત કરાવવી.<br>• વર્ગખંડમાં વર્તમાન વિષયો પર સંસ્કૃત પરિસંવાદ યોજવો. વિદ્યાર્થીઓ પોતાની ભાષામાં વિચારો પ્રકટ કરે. સરળ સંસ્કૃત વાક્યોનો અનુવાદ કરાવવો.<br>• વિવિધ યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા શબ્દભંડોળનો વિકાસ કરાવવો.<br>• સંસ્કૃત સુભાષિતો, સૂક્તિઓ, વાર્તાઓ, કથાઓ જેવી પ્રવિધિઓના ચાર્ટ્સ, પ્રોજેક્ટ બનાવવા પ્રેરવા.<br>• સામૂહિક ચર્ચા પરિસંવાદ યોજીને વર્ગખંડમાં શિક્ષણ પ્રવિધિ યોજવી.<br>• નાટ્ય સંવાદોને વર્ગખંડમાં વિદ્યાર્થીઓના સહયોગ દ્વારા અભિનયકલા થકી સાભિનય રજૂ કરાવાય. | SN1115<br><br><br><br>SN1116 | સંસ્કૃત નાટ્યખંડોની વર્ગખંડમાં ભજવણી કરે છે. તથા વિવિધ રંગાવૃત્તિઓ (નાટ્ય રંગાવૃત્તિઓ)ને સમજે છે તથા નાટ્યાત્મક અભિગમ દ્વારા શીખે છે.<br>વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં આવતા ભારતીય જ્ઞાન વિશે સમજ મેળવીને અન્ય વિષયો સાથે અનુબંધ બાંધે છે. |

# ધોરણ-12 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વર્ગખંડમાં વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે, બે-બે ની જોડીમાં, જૂથમાં તેમજ સમૂહમાં સંસ્કૃત ભાષાના વાતાવરણમાં વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલગીરી કરાવવી.** | | **વિદ્યાર્થી....** |
| • સંસ્કૃત ભાષના વર્ગખંડમાં શક્ય તેટલો વર્ગ વ્યવહાર સંસ્કૃત ભાષામાં કરવો. उत्तिष्ठतु, उपविशतु, पुस्तकं पठन्तु, पृष्ठ क्रमांक उद्‌घाटयन्तु આ મુજબનાં વાક્યોનો પ્રયોગ અચૂક કરવો. | SN1201 | વર્ગખંડમાં શિક્ષકો દ્વારા સંસ્કૃતમાં અપાયેલા નિર્દેશો, વક્તવ્યો, રેડિયો તથા દૂરદર્શન દ્વારા પ્રસારિત થતા તથા ઓડિયો અને વિડીયો દ્વારા રજૂ થતાં સંસ્કૃત કાર્યક્રમોનું ધ્યાનથી શ્રવણ કરે છે. અર્થગ્રહણ કરે છે અને અપેક્ષિત લેખિત અને મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| • પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મંત્રો, શ્લોકો, સ્તુતિ, ગીતો વગેરેનું સસ્વર, ભાવવાહીગાન કરવું તેમજ કરાવવું. જરૂર અનુસાર વર્ગખંડમાં મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરી તેની નોંધ કરવી. એ મુજબ ગદ્ય પાઠો/એકમોનું આદર્શ વાંચન કરવું તેમજ કરાવવું. નાટ્યખંડોને અભિનય કરીને રજૂ કરવા. ભાષાની અભિવ્યક્તિમાં હાવભાવ, આરોહ અવરોહ તેમજ આંગિક ભાષાનો ઉપયોગ કરવો જેથી અનુવાદ વિના અર્થબોધ થાય. | SN1202 | વિદ્યાર્થી સંસ્કૃતભાષા દ્વારા વર્ગખંડમાં તથા રોજબરોજમાં જીવનોપયોગી વાક્યો સમજી શકે છે અને કોઈપણને ધ્યાનમાં રાખીને સંક્ષેપમાં સંવાદ કરે છે. |
| • વિદ્યાર્થીઓને ગદ્ય-પદ્ય સીધો અનુવાદ કરવાને બદલે તેનો અર્થ તારવી શકે તે માટે સજ્જ કરવવા. | SN1203 | પઠિત તથા અપઠિત ગદ્યાંશ, પદ્યાંશ તથા નાટ્યાંશને વાંચીને, સમજીને તેના આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો લેખિત તથા મૌખિક સ્વરૂપે અભિવ્યક્ત કરે છે. સરળ પદ્યો (સુભાષિતો, પ્રહેલિકાઓ, ગીતો) આરોહ-અવરોહયુક્ત ભાવવાહી શુદ્ધ ઉચ્ચારણ સાથે ગાન કરે છે. સંસ્કૃત શ્લોકોનું છન્દોનુરૂપ લયબદ્ધ રીતે ગાન કરે છે. ગદ્યપાઠ તથા નાટ્યપાઠોનું (સંવાદોનું) શુદ્ધ, સ્પષ્ટ ઉચ્ચારણ કરે છે. |
| • વ્યાકરણના નિયમોનું કંઠસ્થીકરણ કરાવ્યા વિના ભાષાના માધ્યમથી તેઓ નિયમ તારવે તેમજ તે નિયમાનુસારનાં વાક્યોનો ઉપયોગ કરે તે માટે પ્રેરિત કરવા. | SN1204 | પાઠોમાં રહેલ ભાવાર્થને સમજીને તેમાં રહેલ સારાંશ તથા વ્યંગ્યાર્થને વિશદ રીતે છણાવટ કરીને મૌલિક તથા લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે. |
| • સંસ્કૃત ભાષા - સાહિત્યના ગૌરવપૂર્ણ ઇતિહાસની તેમજ નિર્દિષ્ટ સાહિત્યકૃતિઓની અને સર્જકોની ચર્ચા કરી તેમનો પરિચય કરાવવો. પાઠ્યપુસ્તકમાં કોઈ કૃતિનો નાનો ખંડ આવ્યો હોય ત્યારે તેનો રસાસ્વાદ કરાવતા આખી કૃતિની સંક્ષિપ્ત ચર્ચા વર્ગખંડમાં કરવી / કરાવવી. | SN1205 | વિદ્યાર્થી પઠિત-અપઠિત ગદ્યાંશ, પદ્યાંશ, નાટ્યાંશનો સરળ સંસ્કૃતમાં તથા માતૃભાષામાં અનુવાદ કરીને લેખિત તથા મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| • શાળાના વિવિધ કાર્યક્રમોમાં અભ્યાસક્રમને અનુરૂપ ભાષાપ્રયોગ થતો હોય તેવા વિવિધ કાર્યક્રમો તૈયાર કરી તે રજૂ કરાવવા. | SN1206 | પાઠ્યપુસ્તકમાં પ્રયોજાયેલ વિવિધ સંધિયુક્ત પદોનો વિચ્છેદ, સમાસવિગ્રહ, શ્લોકોનો અન્વય, છંદ તથા અલંકારોની ચમત્કૃતિ તથા વિશેષતાને અભિવ્યક્ત કરે છે. |
| • શિક્ષણ પ્રક્રિયામાં ભાષાનાં બધા જ કૌશલ્યો (શ્રવણ, કથન, વાચન, લેખન) પર ભાર મૂકવો.<br>• સંવાદ કૌશલ્ય વધારવા વિદ્યાર્થીઓ સામૂહિક તથા વ્યક્તિગત સંસ્કૃત વાક્યોનો અભ્યાસ કરતા થાય. | SN1207 | વિદ્યાર્થી શાળામાં ઉજવાતા ઉત્સવો, વિશિષ્ટ સમારંભો તથા સંસ્કૃત દિનની ઉજવણી સ્વરૂપે શ્લોકપૂર્તિ, મંત્રગાન, સ્તુતિગાન વગેરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર સહભાગી બને છે. (જોડાય છે.) |

# ધોરણ-12 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • સંસ્કૃતની શૈક્ષણિક સામગ્રીનો વધુમાં વધુ પ્રયોગ કરે, જેમકે દશ્ય-શ્રાવ્ય માધ્યમો, ઑવરહેડ પ્રોજેક્ટર, સૂક્તિઓ, સુભાષિતો, સંસ્કૃત પ્રદર્શની, શ્લોકગાન સ્પર્ધા, ગીત સ્પર્ધા વગેરેનું આયોજન કરાય. | SN1208 | 'ન્યાય' વિશે પરિચય મેળવે છે. વિવિધ 'ન્યાય'ની લેખિત તથા મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| • વર્ગખંડમાં કોઈપણ વિષયને અનુરૂપ સંસ્કૃત સંભાષણ અભ્યાસ કરાવાય, સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન કરવું. | SN1209 | વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકમાં નિયત કરેલા વૈદિક અને પ્રશિષ્ટ સાહિત્ય તથા શાસ્ત્રીય કૃતિઓનો પરિચય મેળવે છે તથા નિયત કરેલા પ્રાચીન તેમજ અર્વાચીન કર્તા (રચયિતા) અને તેમની કૃતિઓ વિશે સંક્ષેપમાં પરિચય મેળવીને લેખિત અને મૌખિક અભિવ્યક્તિ કરે છે. |
| • શાળાની પ્રાર્થના સભામાં કે વિશિષ્ટ સમારંભોમાં સંસ્કૃત શ્લોકગાન, સ્તુતિગાન, મંત્રગાન કરાવી તથા સુભાષિતો અને સૂક્તિઓનો અર્થ વિસ્તાર કરતો થાય. | SN1210 | ચમ્પૂ (ગદ્ય પદ્ય મિશ્ર) કાવ્યનો પરિચય મેળવે છે. |
| • ચિત્રફલક, સામૂહિક ચર્ચા પદ્ધતિ, ગોષ્ઠિ મંડળીનું આયોજન કરાય. | SN1211 | સંસ્કૃતમાં સામૂહિક ચર્ચા પદ્ધતિમાં સહભાગી થાય છે, તે દ્વારા સરળ સંસ્કૃત સંભાષણ કરે છે. સરળ સંસ્કૃત શીખે છે. સંસ્કૃતમાં વક્તવ્ય આપવા માટે પ્રોત્સાહિત થાય છે. |
| • વિવિધ નીતિકથાઓ, સુભાષિતો, સૂક્તિઓ તથા સંસ્કૃત વિશાળ સાહિત્ય વારસામાંથી પ્રગટ થતાં વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય મૂલ્યોની સમજ કેળવે તેવું વાતાવરણ નિર્માણ કરાય. | SN1212 | વિદ્યાર્થી કંઠસ્થ કરેલાં સુભાષિતો કે પદ્યપાઠનો, કોઈપણ ભાગનો અર્થવિસ્તાર તથા અનુવાદ લેખન કરી શકે છે. |
| • આદર્શવાચન દ્વારા વિદ્યાર્થી વાંચન-લેખન અને મૌલિક અભિવ્યક્તિ માટે તૈયાર થાય. | SN1213 | સંસ્કૃત ભાષાના વિશાળ સાહિત્ય વારસામાંથી પ્રતિપાદિત થતાં વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યોની સમજ કેળવે છે તથા ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યો અંગે જાગૃત બનવા અભિપ્રેરણા મેળવે છે. |
| • કથા-નાટક કે સંવાદાત્મક પાઠોનો સાભિનય પ્રયોગ કરે તથા શ્લોકોનું ગાન સુમધુર કંઠે આરોહ-અવરોહયુક્ત કરે તેવું ભાવાવરણ નિર્માણ કરાય. | SN1214 | વિદ્યાર્થી સંસ્કૃત સુભાષિતોનો 'સુભાષિત અંક' બનાવવા પ્રેરાય છે તથા પ્રોજેક્ટ કાર્ય રૂપે અભિવ્યક્ત કરે છે. |
| • વિવિધ પાઠોના અધ્યયન દ્વારા વિદ્યાર્થી સંસ્કૃત ભાષાની ચમત્કૃતિ અને વિશેષતાઓથી પરિચિત થાય અને સાહિત્યના વિવિધ રસોનું ભાવવાહી દર્શન કરાવવું. | SN1215 | સંસ્કૃત નાટ્યખંડોની વર્ગખંડમાં ભજવણી કરે છે. તથા વિવિધ રંગાવૃત્તિઓ (નાટ્ય રંગાવૃત્તિઓ)ને સમજે છે તથા નાટ્યાત્મક અભિગમ દ્વારા શીખે છે. |
| • વિદ્યાર્થી સંધિ-વિગ્રહ, સમાસ-વિગ્રહ, છંદ અને અલંકારોની વિસ્તૃત સમજ આપવા ઉદાહરણો દ્વારા (વિવિધ ફકરા દ્વારા) સ્પષ્ટીકરણ કરાવવું.<br>• સંસ્કૃત સાહિત્યની કથાઓ, સાંપ્રત સાહિત્યના પ્રેરક પ્રસંગો, સુભાષિતો તેમજ અન્ય સાહિત્ય કૃતિમાંથી રાષ્ટ્ર માટે સમર્પણની ભાવના, માનવીય અભિગમ તેમજ સૌહાર્દપૂર્ણ વાતાવરણ અંગે રજૂઆત કરાવવી. | SN1216 | વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં આવતા ભારતીય જ્ઞાન વિશે સમજ મેળવીને અન્ય વિષયો સાથે અનુબંધ બાંધે છે. |

# ધોરણ-12 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● વર્ગખંડમાં વર્તમાન વિષયો પર સંસ્કૃત પરિસંવાદ યોજવું. વિદ્યાર્થીઓ પોતાની ભાષામાં વિચારો પ્રકટ કરે. સરળ સંસ્કૃત વાક્યોનો અનુવાદ કરાવવો.<br>● વિવિધ યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા શબ્દભંડોળનો વિકાસ કરાવવો.<br>● સંસ્કૃત સુભાષિતો, સૂક્તિઓ, વાર્તાઓ, કથાઓ જેવી પ્રવિધિઓના ચાર્ટ્સ, પ્રોજેક્ટ બનાવવા પ્રેરવા.<br>● વ્યવહાર અને વાણીનું ઐક્ય તથા મહત્ત્વ સમજાવવું.<br>● સામૂહિક ચર્ચા પરિસંવાદ યોજીને વર્ગખંડમાં શિક્ષણ પ્રવિધિ યોજવી.<br>● નાટ્ય સંવાદોને વર્ગખંડમાં વિદ્યાર્થીઓના સહયોગ દ્વારા અભિનયકળા થકી સાભિનય રજૂ કરાવાય.<br>● સંસ્કૃત ભાષામાં આવેલા વિવિધ પદ્યોનું આદર્શગાન અપેક્ષિત છે શિક્ષક દ્વારા તેનો છંદ તથા રાગઢાળ, ભાવને ધ્યાન રાખીને ગાન થવું જોઈએ. વિદ્યાર્થીઓ દ્વારા પણ વ્યક્તિગત રીતે તેમજ સમૂહમાં ગાન કરવાની તક મળવી જોઈએ. જરૂર જણાય ત્યાં વિવિધ જાહેર માધ્યમો ટી.વી., કમ્પ્યૂટર, ટેપરેકર્ડર, મોબાઈલ વગેરેનો ઉપયોગ કરીને શુદ્ધ ઉચ્ચારણ સહિતના ભાવવાહી ગાનનો અનુભવ આપવો. તેમજ વિદ્યાર્થીઓને અનુગાન કરવા પ્રેરવા. | | |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sanskrit